# મહાન કલાકાર

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

ચિત્રકાર તેના કેન્વસ સામે ઊભી હતી, તેની સમક્ષ ભવ્ય દ્વારિકા નગરી આકાર લઈ રહી હતી. તેની પીંછી આખા કેન્વસ પર આમતેમ ફરી રહી હતી, તેના હાથની પ્રત્યેક ગતિવિધિ એક નૃત્ય હતું, તેની પીંછીનો પ્રત્યેક સ્પર્શ એક કવિતા હતી. તેની આંખો દ્વારા  નગરીના મકાનો અને મંદિરો વાસ્તવમાં હતાં તેના કરતાં પણ વધુ વૈભવશાળી અને સાથેસાથે વધુ સાચા દેખાઈ રહ્યાં હતાં, તેમની દિવાલોમાં રહેલી વાર્તાઓનું ચિત્ર વધુ સ્પષ્ટતાથી ઉભરી આવતું હતું, નગરીનાં લોકો વધુ સુંદર દેખાતાં હતાં, તેમ છતાં કોઈક રીતે આબેહૂબ લાગતાં હતાં; તેમના કપડાં પરનો દરેક વળ, તેમના ચહેરા પરની દરેક રેખાકૃતિઓ વિજયની, દુ:ખની, પ્રેમની, પરાજયની અને વીતેલા જીવનની વાર્તા કહી રહી હતી.

એ કલાકારનું નામ હતું ચિત્રલેખા અને તેને આખી દ્વારિકા નગરી ઓળખતી હતી. એવું લાગતું હતું કે એવી કોઈપણ વસ્તુ નહોતી જેનું ચિત્ર તે ન બનાવી શકે.

ચિત્રલેખા પોતાની પ્રતિભાને સારી રીતે જાણતી હતી. તે જાણતી હતી કે તેની કલા અતુલનીય હતી અને તેની રચનાત્મકતા અદ્વિતીય હતી. તે જાણતી હતી કે તે મહાન હતી — અને તેને હજુ વધુ મહાન બનવાની ઉત્કંઠા હતી.

અંતમાં તેણે સૂર્યપ્રકાશિત આકાશમાં નીલા અને સોનેરી રંગ ભરીને નગરનું ચિત્ર પૂરું કર્યું, ત્યારે તે વિચારવા લાગી કે હવે તેણે કોનું ચિત્ર બનાવવું જોઈએ. તે રેખાઓ અને રંગોથી એવું શું બનાવી શકશે જે આશ્ચર્યકારક હોય, જે વિસ્મયજનક હોય, જે તેના માટે પડકારજનક હોય અને તેના કૌશલ્યની ક્ષમતાને વધુ સારી રીતે સાબિત કરે? દ્વારિકાના દરેક ખૂણાનું ચિત્ર તો તે બનાવી ચૂકી હતી. તે બધાં જ અમીર ઉમરાવો અને રાજવીઓનાં ચિત્રો બનાવી ચૂકી હતી.

અથવા — શું કંઈક બાકી રહી ગયું હતું?

જેમ જેમ ચિત્રલેખા તેના વિશે વધુ વિચારવા લાગી, તેને સમજાયું કે કોઈક છે જેનું ચિત્ર હજુ બનાવવાનું બાકી હતું. કોઈક છે જેની દીપ્તિ અને વૈભવને હજુ કેન્વસ પર ઉતારવાનું બાકી હતું. અને તે હતા દ્વારિકાના અને સર્વલોકના શાસક. તે હતા સ્વયં ભગવાન : શ્રીકૃષ્ણ.

‘‘હા, તેઓ જ છે,’’ ચિત્રલેખાએ વિચાર્યું. ‘‘જો હું ભગવાન શ્રીકૃષ્ણનું ચિત્ર બનાવી શકું તો કોઈ પ્રશ્ન જ નહીં રહે. હું આ નગરની સૌથી નિપુણ ચિત્રકાર બની જઈશ.

આમ વિચારીને, ચિત્રલેખાએ પોતાનું કેન્વસ લીધું અને ભગવાનને મળવા માટે સીધી રાજમહેલ ગઈ. અંતતઃ, રાજમહેલના પહેરેદારોએ તેને અંદર આવવા દીધી અને તેને એક ખંડના વિશાળ ખુલ્લા પ્રવેશમાર્ગ પર લઈ ગયા. ભગવાન શ્રીકૃષ્ણ અંદર એક બારી પાસે ઊભા હતા. સૂર્યપ્રકાશ અંદર આવતો હતો અને તેમની ચારેબાજુ પ્રસરી ગયો હતો અને તેને લીધે તેમના મુગટનાં મોરપીંછ વધારે ચમકી રહ્યાં હતાં. ભગવાન શ્રીકૃષ્ણની ચારેબાજુ પ્રકાશના આભામંડળનું નિર્માણ થઈ ગયું હતું.

જેવી ચિત્રલેખાના આગમનની ઘોષણા કરવામાં આવી કે તરત જ ભગવાન તેના તરફ ફર્યા.

તેમણે સ્મિત કરતાં કહ્યું, ‘‘ચિત્રલેખા, મહાન કલાકાર. તારું સ્વાગત છે. હું તારા માટે શું કરી શકું?’’

ચિત્રલેખાએ કહ્યું, ‘‘હે પ્રભુ, હું આપને પૂછવા આવી છું કે શું આપ મને આપનું ચિત્ર દોરવાનું સૌભાગ્ય પ્રદાન કરશો?’’

ભગવાન શ્રીકૃષ્ણની અભિવ્યક્તિમાં કંઈક હતું — તેમની આંખમાં એક ચમક હતી, કદાચ તે પ્રકાશની કરામત હતી જેને ચિત્રલેખા બિલકુલ સમજી ન શકી.

એક ક્ષણ પછી, તે ચમક જતી રહી અને શ્રીકૃષ્ણે એટલું જ કહ્યું, ‘‘ચોક્કસ, તું કાલે શરૂ કરી શકે છે.’’

પોતાના સૌભાગ્યથી રોમાંચિત થઈને ચિત્રલેખા તૈયારી કરવા માટે ઝડપથી ઘરે ગઈ. તે બીજે દિવસે સવારે પાછી આવી, તેને જરૂરી બધી વસ્તુઓ સાથે — તેના કેન્વસ, કેન્વસ મૂકવા માટેનું સ્ટેન્ડ, તેની સર્વોત્તમ પીંછીઓ અને રંગો. જ્યારે તેણે ખંડમાં પ્રવેશ કર્યો ત્યારે તેણે જોયું કે શ્રીકૃષ્ણ એક અતિ-અલંકૃત સિંહાસન પર બેઠા છે અને તેમનો હાથ સિંહાસન પર હતો.

‘‘આ કેવું લાગે છે?’’ શ્રીકૃષ્ણે ચિત્રલેખાને પૂછ્યું. ‘‘શું તારા ચિત્ર માટે આ મુદ્રા સારી રહેશે?’’

‘‘હા, ધન્યવાદ, પ્રભુ. તે ઉત્તમ છે.’’ ચિત્રલેખાએ તેનું કેન્વસ-સ્ટેન્ડ ઉઠાવ્યું અને ચિત્ર દોરવાનું શરૂ કરી દીધું.

તેની આંખો શ્રીકૃષ્ણ અને કેન્વસ બંનેની વચ્ચે ફરી રહી હતી, તેની આંખો દ્વારા પસંદ કરાયેલા પ્રત્યેક નવા આકારની, પ્રત્યેક નવા પડછાયા અને વણાંકની સાથે તેના હાથમાં પીંછી એક કઠપૂતળીની જેમ ફરી રહી હતી. તે આવી જ રીતે ઘણા કલાકો સુધી ચિત્ર બનાવતી રહી.

આખરે, તે કેન્વસથી એક ડગલું પાછળ ગઈ. ‘‘હે પ્રભુ,’’ તેણે કપાળ લૂછતાં-લૂછતાં કહ્યું. ‘‘ચિત્ર લગભગ પૂરું થઈ ગયું છે. જો તમને અનુકૂળ હોય તો, હું ચિત્રને પૂરું કરવા માટે આવતીકાલે ફરીથી આવીશ.’’

‘‘અરે, હા,’’ શ્રીકૃષ્ણે કહ્યું. ‘‘ચોક્કસ — આવતીકાલે ફરીથી આવજે.’’

તેથી બીજે દિવસે, ચિત્રલેખા ફરીથી આવી અને ચિત્ર બનાવવાનું શરૂ કર્યું. તે યોગ્ય રંગની પસંદગી કરવામાં અને ભગવાનના મોરપીંછના ગુચ્છાને દોરવામાં એટલી બધી તલ્લીન થઈ ગઈ હતી કે તેને એ સમજવામાં ઘણીવાર લાગી કે કંઈક જુદું છે.

સિંહાસન-*સિંહાસન!* તે જેના પર ભગવાન શ્રીકૃષ્ણ ગઈકાલે બેઠા હતા! તે નહોતું. તેના બદલે તેઓ ઊભા હતા. અને તેઓ સીધું ચિત્રલેખાને જોઈ રહ્યા હતા, તેમના ચહેરા પર એક સ્મિત હતું.

‘‘મારા પ્રભુ!’’ ચિત્રલેખા બોલી ઊઠી. ‘‘હું જોઈ રહી છું કે આપે આપની મુદ્રા બદલી છે.’’

‘‘હા,’’ શ્રીકૃષ્ણે ધીરેથી કહ્યું. ‘‘હું ઊભો છું એવું ચિત્ર બનાવીશ તો વધુ સારું રહેશે.’’

ચિત્રલેખાએ વિચાર્યું, *ખેર, આ અનપેક્ષિત છે.*

‘‘પરંતુ, હે પ્રભુ,’’ તેણે કહ્યું, ‘‘એનો અર્થ એ છે કે મારે ફરીથી નવી શરૂઆત કરવી પડશે.

શ્રીકૃષ્ણે તેમની આંખોને સહેજ મોટી કરીને કહ્યું, ‘‘અરે હા, હું માનું છું કે તું એમ કરીશ.’’

‘‘હું — હું — હા. તો પછી ઠીક છે. હું તેમ જ કરીશ.’’ ચિત્રલેખાએ અસફળતાપૂર્વક પોતાની મુંઝવણને છુપાવવા માટે બીજું કેન્વસ શોધવા માટે પ્રયત્ન કર્યો.

તેણે એક ઊંડો શ્વાસ લીધો અને ફરી એકવાર ચિત્ર બનાવવાનું શરૂ કર્યું. થોડી મિનિટોમાં જ તે પોતાની સહજસ્થિતિમાં પાછી આવી ગઈ. રંગો ભેગા મળી રહ્યા હતા, આકારો ચિત્રમાં ઉતરી રહ્યા હતા, તે ભગવાનના ભાવોની સૂક્ષ્મતાને બરાબર રીતે ચિત્રમાં ઉતારી રહી હતી કે —

*જરા થોભ.* ચિત્રલેખા એક ડગલું પાછળ ગઈ. *શું કંઈક અલગ હતું — ?*

ધીરેથી, અને થોડા ગભરાટ સાથે, તેણે પોતાનું મસ્તક કેન્વસની બહાર કાઢ્યું. નિશ્ચિતરૂપથી શ્રીકૃષ્ણના મુખના ભાવ બદલાઈ ગયા હતા. તેઓ હવે સ્મિત નહોતા કરતા; હવે તેમનો ભાવ ગંભીર અને સ્થિર હતો.

‘‘હે — હે પ્રભુ,’’ ચિત્રલેખાએ ધીમા સ્વરમાં કહ્યું.

‘‘હા બોલ, ચિત્રલેખા?’’

‘‘આપના ચહેરાનો ભાવ....’’

‘‘અરે, હા,’’ શ્રીકૃષ્ણે કહ્યું. ‘‘મેં તેને બદલી નાંખ્યો છે. તારે આ પ્રમાણે મારું ચિત્ર બનાવવું જોઈએ.’’

*આ પ્રમાણે તેમનું ચિત્ર બનાવું,* ચિત્રલેખા મનમાં આ વાત ફરી બોલી. તેણે ચિત્રમાં પરિવર્તન કરવાનો હિંમતપૂર્વક પ્રયાસ કર્યો. *કંઈ વાંધો નહીં. હું આ કરી શકીશ.* તેણે માથું હલાવીને શ્રીકૃષ્ણને હા પાડી અને પોતાની પીંછી ઉઠાવી.

એક ક્ષણ પછી, તે ફરીથી ચિત્ર દોરવા લાગી.

‘‘મારા પ્રભુ!’’ તેણે કહ્યું.

‘‘બોલ ચિત્રલેખા?’’

‘‘તેઓ શું કરી રહ્યા છે?’’ તેણે બે બળવાન સેવકો તરફ આંગળી ચીંધીને કહ્યું જેઓ ભગવાન શ્રીકૃષ્ણ તરફ એક મોટું સોનેરી સિંહાસન ખસેડી રહ્યા હતા.

‘‘શું તું મારા સેવકોની વાત કરી રહી છે?’’ શ્રીકૃષ્ણે કહ્યું. ‘‘તેઓ એ સિંહાસન અહીં મારા માટે લાવી રહ્યા છે.’’

‘‘પ્રભુ, શું આપ તે સિંહાસન પર બેસવાના છો?’’

‘‘હા, બિલકુલ. અને તું એવું ચિત્ર બનાવ કે હું તેના પર બેઠો છું.’’

ચિત્રલેખાની આંખો આઘાતથી મોટી થઈ ગઈ. તે કંઈ બોલી ન શકી. તેણે રંગ મેળવવાની પ્લેટ ઉઠાવી, રંગોને પુનઃમિશ્રિત કર્યા, અને — શું કરી શકે? — તેણે ફરીથી શરૂઆત કરી.

આવું દિવસો, અઠવાડિયાઓ, મહિનાઓ સુધી ચાલતું રહ્યું. ચિત્રલેખા પોતાના ચિત્રમાં અધવચ્ચે પહોંચતી અને જોતી કે બીજો ફેરફાર કરવો પડશે — ભગવાનના મુખના ભાવ બદલાઈ જતા, અથવા તેમની મુદ્રા બદલાઈ જતી અથવા પાછળનું દૃશ્ય બદલાઈ જતું અથવા કોઈ નવી વસ્તુ આવી જતી. ચિત્રલેખા તેને આવડતા દરેક કલા-કૌશલ્યનો ઉપયોગ કરતી, તેણે શીખેલી ચિત્રકામની અને રંગ પૂરવાની દરેક શૈલીનો ઉપયોગ કરતી. પરંતુ, કોઈપણ વસ્તુ કામમાં આવી નહીં. ભગવાન હાલતા અને તેની પીંછી તેમની હિલચાલનો અંદાજ લગાવી શકતી નહોતી.

અંતે, એક દિવસ, જ્યારે તેને શું કરવું તે સમજ ન પડી ત્યારે તે નારદમુનિ પાસે સલાહ લેવા ગઈ. નારદમુનિ ભગવાન કૃષ્ણના એક મહાન ભક્ત હતા.

''હે મુનિવર, હું શું કરું?'' તેમને પોતાની આખી દુ:ખભરી વાત કહ્યા બાદ તેણે રડતાં રડતાં કહ્યું.

નારદમુનિએ મૃદુલતાથી તેના તરફ જોયું. ''પ્રિય ચિત્રલેખા,'' તેમણે ધીમેથી કહ્યું. ''જો તું ખરેખર ભગવાનનું ચિત્ર બનાવવા માંગતી હોય તો તારું કેન્વસ એકદમ સ્વચ્છ હોવું જોઈએ.''

***

*એકદમ સ્વચ્છ કેન્વસ?* ચિત્રલેખાના કાનમાં નારદમુનિના શબ્દો ગુંજવા લાગ્યા. જ્યારે તે ચિત્રને પૂરું કરવા માટે ધીરે-ધીરે રાજમહેલમાં જઈ રહી હતી ત્યારે આ શબ્દો તેને યાદ આવી રહ્યા હતા. *એકદમ સ્વચ્છ કેન્વસ.*

તેનું કેન્વસ-સ્ટેન્ડ ત્યાં જ હતું જ્યાં હંમેશાં રહેતું હતું, અને તેનાં રંગો અને પીંછીઓ બધું ત્યાં જ પડ્યું હતું. એ આવી ત્યારે ભગવાન ઊભા હતા.

તેણે તેનું કેન્વસ ઉઠાવ્યું.

''શું તું ચિત્ર શરૂ કરવા માટે તૈયાર છે?'' શ્રીકૃષ્ણે તેને પૂછ્યું.

ચિત્રલેખા એક ક્ષણ માટે થોભી. તેણે કહ્યું, ''હે પ્રભુ, હા, હું માનું છું કે આ એક પ્રકારની શરૂઆત જ છે.''

''તું શું કહેવા માંગે છે, ચિત્રલેખા?'' જો કે ભગવાન બધું જાણતા હતા, એ તેમની આંખોમાં દેખાઈ રહ્યું હતું.

''હે પ્રભુ, મને લાગે છે કે આખરે મેં કરી લીધું છે. મારી પાસે તમારું ચિત્ર છે.''

''શું હમણાં છે?'' ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું. ''મને બતાવ.''

ચિત્રલેખાએ કેન્વસ શ્રીકૃષ્ણ તરફ ફેરવ્યું. પણ, જોવા જઈએ તો તે કેન્વસ નહોતું, અથવા તો તેને જેનો ઉપયોગ કરવાની આદત હતી તેવું તો બિલકુલ નહોતું. તેના બદલે તે એક સ્વચ્છ, પરાવર્તક કાચ હતો : એક અરીસો હતો.

ભગવાને અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોયું અને પછી ચિત્રલેખા તરફ ફર્યા.

તે જ ક્ષણે — જ્યારે ચિત્રલેખા અને ભગવાનની આંખો મળી, જ્યારે ત્યાં કંઈ પણ નહોતું સિવાય કે અદૃશ્ય સ્વર્ણિમ તંતુ, જે ભગવાનની દૃષ્ટિને ચિત્રલેખાની દૃષ્ટિ સાથે જોડી રહ્યો હતો, જ્યારે ચિત્રલેખાને લાગ્યું કે તેના અસ્તિત્વનો બોધ એ કરુણાના અમાપ ઊંડાણમાં ઓગળી રહ્યો છે — તે જ ક્ષણે રંગો ફૂટી નીકળ્યા.

અને તેણે કલ્પના કરી હોય તેના કરતાં પણ વધુ જીવંતતા, સુંદરતા, સૂક્ષ્મતા અને આનંદ સાથે તે ફૂટી નીકળ્યા. પહેલાં, તે રંગોને જોઈ શકતી હતી, પણ હવે — હવે — તે એવા રંગોને જોઈ રહી હતી જે અત્યાર સુધી જોયા નહોતા. પહેલાં તે રચનાને મહસૂસ કરી શકતી હતી, પણ હવે મુલાયમતા અને રેશમ તેના પોતાના અસ્તિત્વથી અભિન્ન હતાં. તે નાદ બને એ પહેલાંનું મૌનનું સંગીત સાંભળી રહી હતી; અને તે તેના આત્માનું કાવ્ય સાંભળી રહી હતી, તેનો લય સાંભળી રહી હતી જે બિલકુલ તેના હૃદયના ધબકાર જેટલો નિકટ હતો, તેનામાં એક આવેશ તત્પરતાથી ઉભરી રહ્યો હતો, જેને સમાવી શકાતો નહોતો.

અને ચિત્રલેખા તેની કલ્પનામાં નૃત્ય કરી રહી હતી, રંગો તેના હૃદયમાંથી ચમકી રહ્યા હતા અને તેના અસ્તિત્વ પર પ્રકાશનો ધોધ પડી રહ્યો હતો. શું તે આ ચિત્રની રચના કરી રહી હતી કે તે પોતે જ ચિત્ર બની ગઈ હતી? તેને ખબર નહોતી. તેને પરવાહ નહોતી.

ચિત્રલેખા હાથને પોતાના ચહેરા પર લાવી. ત્યાં ભીનાશ લાગતા તેને આશ્ચર્ય થયું. જ્યારે તેણે આંસુથી ભરેલી આંખો પટપટાવીને જોયું, ત્યારે ભગવાનના સૂર્ય સમાન પ્રકાશિત અને કલ્યાણકારી મુખારવિંદનાં ફરી દર્શન થયાં. તેમણે સંમતિ સૂચક મસ્તક હલાવ્યું.

અને ચિત્રલેખાએ, એ મહાન કલાકારે તેની પીંછી ઉઠાવી.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.